ડભોડા ગામે કર્ણાવતી યુનિવર્સિટીના ૧૦૦ વિદ્યાર્થીઓએ ડોર ટુ ડોર મુલાકાત લીધી

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે ગાંધીનગર સ્થિત કર્ણાવતી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ગ્રામ્ય ઈમર્શન કાર્યક્રમ અંતર્ગત ગામની મુલાકાત લીધી હતી. ગામમાં આવેલ સમગ્ર વિસ્તારના રહીશોના ઘરે ડોર ટુ ડોર ફરીને ગ્રામ્યકક્ષાએ પ્રવર્તતા પ્રશ્નો-સમસ્યાઓ સહિત ગ્રામ્યજીવનની જીવનશૈલી અંગેની સચોટ માહિતી મેળવવા સહયોગી બન્યા હતા. ત્યારબાદ ગ્રામ્યલક્ષી સાથે સંકળાયેલ કૃષિ અને પશુપાલનની પ્રત્યક્ષ માહિતી મેળવવા ખેત-સીમમાં જઈને ખેત ઉત્પાદન પદ્ધતિ ખેત પાકોના માર્ગદર્શન અંગે પ્રગતિશીલ ખેડૂતો અને અગ્રણીઓની મુલાકાત લીધી હતી.

ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલની ધરપકડ

પોલીસના શરણે થવામાં મૂળ ગુજરાતના અને હાલ કેન્દ્રમાં સ્થાન જમાવી બેઠેલા મોટા નેતાની ભૂમિકા હોવાની ચર્ચા

અમદાવાદ, તા.૧૪

ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની જાન્યુઆરી-૨૦૧૯માં ચાલતી ટ્રેનમાં પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ગોળી મારી હત્યા કરવાના ચકચારભર્યા કેસમાં વિદેશ ભાગી ગયેલો અને મુખ્ય સૂત્રધાર આરોપી છબીલ પટેલ આજે વહેલી સવારે નાટયાત્મક રીતે અમદાવાદ એરપોર્ટ પરથી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ના હાથે ઝડપાઈ ગયો હતો. જો કે, છબીલ પટેલની આટલા ગંભીર ગુનામાં સંડોવણી છતાં અને તે વિદેશ ભાગી ગયો હતો છતાં ૬૬ દિવસ બાદ આ રીતે કેમ અચાનક પોલીસ સમક્ષ સામેથી શરણાગતિ સ્વીકારી લીધી તેને લઈને હવે અનેક સવાલો ઉઠી રહ્યા છે. છબીલને પોલીસના શરણે થવામાં ગુજરાતના અને હાલ કેન્દ્રમાં સ્થાન જમાવી બેઠેલા એવા કેન્દ્રના મોટા નેતાએ સમગ્ર ઓપરેશન પાર પાડયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતિ ભાનુશાળીની ચાલતી ટ્રેનમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. હત્યાનું કાવતરું રચવાનો આરોપ અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને રાજકીય હરીફ છબીલ પટેલ અને મનીષા ગોસ્વામી પર લાગ્યો હતો.

હત્યા બાદ છબીલ પટેલ ફરાર હતો. આરોપી છબીલ પટેલ આજે વહેલી પરોઢે અમદાવાદ એરપોર્ટ પર ન્યૂયોર્કની અમીરાતની ફલાઈટ્સમાં આવ્યા કે તરત જ તેને એરપોર્ટ પરથી ઝડપી લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં, છબીલ પટેલે સમગ્ર ગુનાની કબૂલાત કરી લીધી હતી. જેમાં જયંતિ ભાનુશાળી સાથે રાજકીય અદાવત અને દુશ્મનાવટના કારણે તેમની હત્યા કરાઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. જયંતી ભાનુશાળીની હત્યા બાદ વિદેશ ભાગી ગયેલો છબીલ પટેલ તેના સંબંધીઓ અને મિત્રોના સંપર્કમાં હોવાની પોલીસને જાણ હતી. તેથી તેનો પુત્ર સિધ્ધાર્થ પટેલની શોધખોળ ચાલતી હતી. તેવામાં ગોવાના ગેસ્ટ હાઉસમાં છુપાઈને રહેતો હતો તે સિધ્ધાર્થ પણ સામેથી પોલીસને શરણે થયો હતો.

છબીલ પટેલ સંબંધીઓની ધરપકડ તથા તેની મિલકતો ટાંચમાં લેવાની પોલીસની તજવીજથી ગભરાઈને છબીલ ગમે ત્યારે પોલીસના શરણે થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી. સાથે જ પોલીસે તમામ એરપોર્ટ પર લુક આઉટ નોટીસ પણ જાહેર કરી હતી. સીટની ટીમે હવે આરોપી છબીલ પટેલના રિમાન્ડ માટે તેને ભચાઉ કોર્ટમાં રજૂ કરવાની તજવીજ પણ હાથ ધરી છે. રિમાન્ડ દરમ્યાન છબીલ પટેલની આકરી પૂછપરછ દરમ્યાન કેસના મહત્વના અને ચોંકાવનારા ખુલાસા સામે આવે તેવી પૂરી શકયતા સીટના અધિકારીઓએ વ્યકત કરી હતી.

ખોરજ જમીન મુદ્દે પુત્રએ પિતા અને બે ભાઈ સામે અડાલજમાં ફરીયાદ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ ગામની સીમમાં આવેલી કરોડો રૂપીયાની ચાર વિઘા જમીનના મુદ્દે પરિવારમાં ડખો થતા સુરત રહેતા એક પુત્રએ પોતાના જ પિતા અને બે ભાઈઓ સામે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. જેમાં સુરત રહેતા દિકરાએ આક્ષેપ કર્યો છે કે પોતાના પિતાની મદદથી બંન્ને ભાઈઓએ કરોડો રૂપીયાની જમીન ખોટી સહીઓ કરી પાવર ઓફ એર્ટની અને દસ્તાવેજ કરી જમીન કંપનીના નામે કરાવી દીધી છે. જેને પગલે પિતા અને બે ભાઈઓ સહિત બે નોટરી સહિત પાંચ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને કાવતરૂની ફરીયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સુરતના સીટી લાઈટ વિસ્તારમાં વસવાટ કરતા રજનીભાઈ જીવરાજભાઈ દેસાઈએ પોતાના પિતા જીવરાજભાઈ વસ્તાભાઈ દેસાઈ અને ભાઈ રાજેશ દેસાઈ(રહે. નિરાંતપાર્ક-૧ થલતેજ) તેમજ બોડકદેવ વિસ્તારમાં સમકિત બંગ્લોઝમાં રહેતા બીજા ભાઈ રમેશ દેસાઈ સામે ફરીયાદ નોંધાઈ છે. તે મુજબ રજનીભાઈએ જણાવ્યું છે કે તેઓએ સંયુકત ભાગીદારીમાં વર્ષ ૨૦૦૨માં ખોરજ ગામની સીમમાં અંદાજે ચાર વિઘા જમીન ખરીદી હતી. વર્ષ ૨૦૦૮ માં તેમના બંન્ને ભાઈઓએ આરજેડી બિલ્ડકોન લિમિટેડ નામની કંપનીની સ્થાપના કરી હતી. જેમાં તેઓ પણ ડિરેકટર છે. પરંતુ કંપનીનો બધો વહીવટ તેમના ભાઈઓ કરતા હતા. એપ્રિલ ૨૦૧૮માં ખોરજવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આરજેડી બિલ્ડકોન કંપનીના નામે ચઢાવી દેવાઈ હતી. જમીનમાં હક હિસ્સો ધરાવતા રજનીભાઈના સ્થાને તેમના પિતા જીવરામભાઈએ પાવર ઓફ એર્ટની હોલ્ડરની હેસિયતથી સહી કરી છે. જે અંગે એફીડેવીટ રજુ થઈ છે તેમા પાવર ઓફ એર્ટની સાચી હોવાનું જણાવી ફરીયાદીનો ફોટો અને સહી કરવામાં આવી છે.ત્યારે પાવર ઓફ એર્ટની અને એફીડેવીટ બંન્નેમાં ખોટી સહી છે. ત્યારે આ દસ્તાવેજ કોઈપણ જાતની ખરાઈ કરાઈ વગર નોટરી રજીસ્ટ્રેશન કરી આપનાર અમદાવાદના નોટરી હરીશકુમાર બી.રાજપૂત અને તરંગ.બી.દવે સામે પણ ફરીયાદ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે રજનીભાઈનો આક્ષેપ છે કે જમીનમાં ભાગની અવેજમાં તેમને રૂ.૧.૧૨ કરોડ ચુકવવાનો હોવાનો ઉલ્લેખ પણ દસ્તાવેજમાં કરાયો છે, જો કે તે રૂપીયા હજુ સુધી તેમને મળ્યા નથી. ઉલ્લેખનીય છે કે પહેલા ત્રણેય ભાઈ સંયુકત રીતે જમીન લે વેચ તથા કન્સ્ટ્રકશનનો બિઝનેશ કરતા હતા. તે સમયે વિશ્વાસ હોવાથી રજનીભાઈના નામે બે બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. જેની સહી કરેલી કોરી ચેકબુકો તેમના બંન્ને ભાઈ પાસે રહેતી હતી. પરંતુ છેલ્લા બે વર્ષ થી સંબંધો બગડતા તેમણે ૨૦૧૭માં એકાઉન્ટ બંધ કરાવી દીધા હતા. આ જ બેંક એકાઉન્ટનો દુર ઉપયોગ કરીને ઓકટોબર વર્ષ-૨૦૧૫ થી ઓકટોબર વર્ષ-૨૦૧૬ વચ્ચે તેમના ખાતામાં કંપનીના ખાતામાંથી રૂ.૧.૧૨ કરોડ જમા થયા હતા. પરંતુ તમામ રૂપીયા વારાફરતી રાજ કોર્પોરેશન નામની કંપનીમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા. પોલીસે રજનીભાઈની ફરીયાદને લઈ આગળની તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ડેમાઈ ગામે દલિત પરિવાર પર હુમલાના પગલે રાજ્યના દલિત અગ્રણીઓએ આવેદનપત્ર આપ્યું

બાયડ, તા. ૧૪

બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં આર.ઓ. પ્લાન્ટમાંથી પાણી ભરતા દલિત યુવકને

અટકાવતા સામાન્ય બોલાચાલી બાદ ઝગડાની અદાવત રાખી ૮ જેટલા પટેલ યુવકો અને આધેડ એકઠા થઈ ગેરકાયદેસર મંડળી રચી મારક હથિયારોથી હલ્લાબોલ કરતા ૪ દલિતોના શરીરે ગંભીર ઈજાઓ થતા ભારે ચકચાર મચી હતી. એસીએસટી સેલના ડીવાયએસપી પણ દોડી આવ્યા હતા અને સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. ૮ પટેલ સમાજના લોકો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાતા અને સામે પક્ષે દલિત યુવકે અને અજાણ્યા શખ્સો પટેલ મહિલાની છેડતીની ફરિયાદ નોંધાવતા દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. રાજ્યના દલિત સમાજના વિવિધ સંગઠનોના અગ્રણીઓ બાયડ પોલીસ સ્ટેશને પહોંચી ત્યારબાદ બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી દલિત સમાજ પર અત્યાચાર આચરનાર શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે ન્યાયની માંગ કરી હતી.

રાષ્ટ્રીય હીત રક્ષક દળના હસમુખ સકસેના, સંવિધાન અધિકાર જ્ઞાન સભાના પ્રમુખ અશોક સમ્રાટ, ગુજરાત ભીમ સેનાના પ્રમુખ ડી.ડી. સોલંકી, પિયુષ ચમાર, આનંદ પરમાર, રાજુભાઈ, રાહુલ ચાવડા, હસમુખ ચૌહાણ, સમીર ચૌહાણ સહિતના દલિત અગ્રણીઓ ગુરુવારે બાયડ ખાતે દોડી આવ્યા હતા. અત્યાચારનો ભોગ બનેલ પીડિત દલિત પરિવાર રમેશ મહેશ્વરીની મુલાકાત લઈ પોલીસ સાથે ચર્ચા કરી બાયડ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. દલિત પરિવારને અન્યાય થશે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

થરા ખાતે સંત સદારામ બાપાનો જન્મોત્સવ યોજાયો

થરા, તા. ૧૪

સંતના હોત સંસાર મે તો જલી જાત બ્રહ્માંડ પૃથ્વીલોક પર માનવજાતમાં સંતની ભૂમિકા

અલગ પ્રકારની છે. કાંકરેજ તાલુકાના છોટે જલારામ એવા વાળા રોટી સંત સદારામ બાપુ ભજન કાલીઘેલી ભાષામાં ઠાકોર સમાજને વ્યસન મુક્ત કરી સાચા પંથે ચાલવાની પ્રેરણા આપી રહ્યા છે. સર્વ જ્ઞાતિમાં લોકપ્રિય એવા આ સંત સદારામ બાપુ જીવદયા અહિંસાના પુજારી છે. ભૂખ્યાને ભોજન તરસ્યાને જળ અબોલ જીવોને ચણ- ઘાસચારો નાખી આનંદી રહેવામાં જ માનવને મોક્ષ ગતિ મળે છે. સદી વટાવી ચૂકેલા સંતનો જન્મોત્સવ થરા શહેર કાંકરેજ તાલુકા ઠાકોર સમાજ દ્વારા થરા ખાતે ભવ્ય શોભાયાત્રાથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં શણગારેલી ભવ્ય બગીમાં સંત સદારામ બાપાને બેસાડી થરા ઠાકોર બોર્ડિંગથી ભવ્ય શોભાયાત્રા શરૂ થયેલ જે થરા નગરના જાહેરમાર્ગો પર ટોટાણા, રૂની, રોડ થઈ દિયોદર ગરનાળા હાઈવે, સર્વિસ રોડ, પાલિકા રોડ, વાળીનાથ, મંદિર થઈ પટેલવાસ, અમરાણીવાસ, તેરવાડીયા, હાઈસ્કૂલ રોડ થઈ ઠાકોર બોર્ડિંગ ખાતે પરત ફરેલ જ્યાં ભવ્ય સભામાં સંતનું પૂજન તથા આશીર્વચન પ્રાપ્ત કરી સૌ કોઈ ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રામાં ભાવિક ભક્તો માટે ઠેર ઠેર ઠંડા પાણી ચાની સગવડ શ્રદ્ધાળુઓએ સ્વયંભુ કરી હતી. ઠાકોર બોર્ડિંગ ખાતે શોભાયાત્રાના સમાપન બાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી જેને મોટી સંખ્યામાં ભાવિકભક્તોએ લાભ લીધો હતો. સંત સદારામ બાપુ ૧૧૦ વર્ષની ઉંમરે ધનની કોઈ લાલશા નહી એવા આદર્શ સાથે શ્રેષ્ઠ જીવન વ્યતિત કરી રહ્યા છે કે માનવમાત્ર વ્યસન મુકતને સુખી રહે. સંતની સાચી ભૂમિકા જ આ હોઈ શકે જન્મોત્સવે સંતને દીધાર્યું ભગવાન બક્ષે એ આદર્શ મૂર્તિનો લાભ માનવ લઈ સાચા પંથે ચાલતો રહે.

સાબરકાંઠામાં ૩ તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યા ખાલી

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં આવેલી અનેક સરકારી કચેરીઓમાં સ્ટાફની ઘટ હોવાને કારણે અરજદારોના કામો ઝડપથી ન થતા હોવાની બુમ ઉઠવા પામી છે. ત્યારે ત્રણ તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની ત્રણ જગ્યા ખાલી હોવાથી ઉચ્ચ અધિકારીઓને આ જગ્યાઓનો ચાર્જ અન્ય અધિકારીઓને આપવાની ફરજ પડી છે અને ઓછામાં પુરૂ આચારસંહિતા અમલી હોવાને કારણે કોઈની બદલી કે બઢતી થઈ શકતી નથી જેના કારણે અરજદારોની હાલત કફોડી બની રહી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લામાં આવેલ હિંમતનગર, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી હોવાને કારણે તેનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીએ અન્ય અધિકારીઓને આપ્યો હોવાને કારણે આ અધિકારીઓ કામને ન્યાય આપી શકતા નથી તેવી છાપ પ્રજામાં ઉપસી રહી છે. તેમ છતાં તલોદ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા વિસ્તરણ અધિકારી પંચાયતના અરવિંદભાઈ પટેલને હિંમતનગર તથા તલોદ તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ આપી દેવાયો છે.

ઉપરાંત વિસ્તરણ અધિકારી પંચાયત ઈડરમાં ફરજ બજાવતા રમેશભાઈ પટેલને ઈડરના તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ અપાયો છે. સાથોસાથ હિંમતનગર પશુપાલન વિભાગમાં એલ.આઈ. તરીકે ફરજ બજાવતા અમૃતભાઈ ભાંભીને જિલ્લા ગ્રામ વિકાસ તથા આયોજનસહ વિકાસ અધિકારી ખેડબ્રહ્માની જવાબદારી સોંપવામાં આવી છે જેના લીધે એકથી વધુ જગ્યાનો ચાર્જ સંભાળતા અધિકારીઓ કામને ન્યાય આપી શકતા નથી જેના લીધે અરજદારોને સહન કરવાનો વારો આવ્યો છે.

પૂર્વ ધારાસભ્ય હનુભા પણ આખરે ભાજપમાં જોડાયા

અમદાવાદ,તા. ૧૪

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે કોંગ્રેસમાં પક્ષ પલ્ટાની મોસમ ખીલી હોય તેમ એક પછી એક દિગ્ગજ નેતા પક્ષપલ્ટો કરી રહ્યા છે. અમરેલીના લાઠી વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયા આજે કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે. હનુભાની ભાજપમાં એન્ટ્રી થતા ધાનાણીના ગઢમાં ગાબડુ પડ્યું છે. અગાઉ તેઓ ભાજપમાં હતા અને કોંગ્રેસમાં જોડાયા હતા. હવે ફરી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, વરિષ્ઠ ધારાસભ્ય વલ્લભ કાકડિયા, પ્રવકતા ભરત પંડયા સહિતના આગેવાનોની હાજરીમાં લાઠી વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય હનુભા ધોરાજીયાએ ભાજપમાં આજે વિધિવત્ પ્રવેશ મેળવ્યો હતો. ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ હનુભાને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવી તેમને પક્ષમાં આવકાર આપ્યો હતો. ભાજપમાં જોડાયા બાદ હનુભા ધોરાજીયાએ જણાવ્યું હતું કે, હું કોઈપણ શરત અને લાલચ વિના ભાજપમાં જોડાયો છું. અગાઉ હું હાર્દિકનો સમર્થક હતો પરંતુ બાદમાં મને ખબર પડી કે, હાર્દિક કોંગ્રેસનું જ કામ કરી રહ્યું છે. તે પાટીદારોના બદલે કોંગ્રેસનું જ કામ કરી રહ્યો હોવાના ગંભીર આક્ષેપ પણ હનુભાએ લગાવ્યા હતા. બીજીબાજુ, જૂનાગઢ કોંગ્રેસમાં પણ ત્યાંનું નારાજ સ્થાનિક જૂથ આવતીકાલે ભાજપમાં જોડાય તેવી ચર્ચાએ આજે જોર પકડયું હતું. જેને લઈ રાજકારણ ગરમાયું હતું. ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી લાઠી-બાબરાના પૂર્વ ધારાસભ્ય અને પાટીદાર સમાજના વરિષ્ઠ આગેવાન નુભાઈ ધોરાજીયાને વિધિવતરીતે ખેસ પહેરાવી ભાજપમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, હનુભાઈ ધોરાજીયા પાટીદાર સમાજના વરિષ્ઠ અગ્રણી અને સામાજિક આગેવાન છે. વર્ષોથી તેઓ અનેક પ્રકારની સામાજિક સેવાક્રિય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે. સમગ્ર અણરેલી જિલ્લામાં તેઓ ખુબ મોટી લોકચાહના ધરાવે છે. પાટીદાર સમાજના ભામાશા તરીકે ઓળખાતા હનુભા ધોરાજીયો સુરતના હિરાઉદ્યોગમાં પણ ખુબ મોટી નામના ધરાવે છે.

વાઘાણીએ જણાવ્યું હતું કે, સમાજ પ્રત્યેની લાગણીથી તેઓ એક સમયે પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયા હતા અને તેઓએ તન-મન-ધનથી કહેવાતા આંદોલન કારીઓને મદદ કરી હતી, પરંતુ રાજકીય રોટલા શેકવા માટે સમાજના નામે આંદોલન કરનારાઓના અસલી ચહેરા ખુલ્લા પડતા સમાજને છેતરનારાઓનો સાથ છોડી તેઓ આજે ભાજપ સાથે જોડાયા છે.

અમદાવાદમાં આજથી ઈન્ડીયન નેશનલ સ્ટ્રોક કોન્ફરન્સ

"સ્ટ્રોક" કે જેને બ્રેઈન એટેક તરીકે ઓળખવામાં આવે છે તેના અંગે તાજેતરમાં થયેલા અભ્યાસો તથા સંશોધનો અંગે ચર્ચા કરવા દક્ષિણ પૂર્વ એશિયા અને વિદેશના મેડિકલ ન્યૂરો સાયન્સના પ્રેક્ટીશનરો અમદાવાદમાં યોજાનાર ઈન્ડીયન નેશનલ સ્ટ્રોક કોન્ફરન્સમાં ભાગ લેશે, જેનું આયોજન ધ ઈન્ડીયન સ્ટ્રોક એસોસિએશને કર્યુ છે એવી આ ૧૩મી નેશનલ કોન્ફરન્સ તા. ૧૫ માર્ચથી ૧૭ માર્ચ દરમ્યાન ગ્રાન્ડ ૦૭ (ફોરમ) અમદાવાદ ખાતે યોજાઈ રહી છે.

અમદાવાદમાં સૌ પ્રથમ વખત યોજાઈ રહેલી આ ત્રણ દિવસની કોન્ફરન્સ્ઁદ્રજીઈમાં દેશના ૪૫૦થી વધુ ડેલિગેટ્સ હાજરી આપશે અને ન્યૂરોલોજી ક્ષેત્રના રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોને મળીને ચર્ચા કરવાની તક પ્રાપ્ત કરશે. ઈન્ડીયન સ્ટ્રોક એસોસિએશનના એક્ઝીક્યુટિવ મેમ્બર અને કોન્ફરન્સના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. અરવિંદ શર્મા જણાવે છે કે "હેરિટેજ સીટી અમદાવાદ ઈન્ડીયન સ્ટ્રોક એસોસિએશનના નેજા હેઠળ નેશનલ કોન્ફરન્સ આઈએનએસસી ૨૦૧૯ યોજાઈ રહી છે તે ગૌરવની બાબત છે.

એમ્બેસી ઓફિસ પાર્ક્સ REIT (ભારતનું પ્રથમ REIT)નો આઈપીઓ ૧૮ માર્ચ, ૨૦૧૯નાં રોજ ખુલશે

ભારતમાં રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા સૌપ્રથમ એમ્બેસી ઓફિસ પાર્ક્સ REIT ("એમ્બેસી REIT")નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ૧૮ માર્ચ, ૨૦૧૯નાં રોજ ખુલશે. એની પ્રાઈઝ બેન્ડ રૂ. ૨૯૯થી રૂ. ૩૦૦ છે. એમ્બેસી REIT એ કુલ રૂ. ૪૭,૫૦૦ મિલિયન ("ઈશ્યૂ")નાં યુનિટ ઈશ્યૂ કર્યા છે. આ ઈશ્યૂ REITનિયમનોનાં નિયમન ૧૪(૨એ)ને અનુરૂપ પોસ્ટ-ઈશ્યૂ આધારે ઈશ્યૂ થયેલા અને પેઈડ-અપ યુનિટનો ઓછામાં ઓછો ૧૦ ટકા હિસ્સો ધરાવશે. ઈશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૯નાં રોજ બંધ થશે.

એમ્બેસી REITનાં યુનિટનું લિસ્ટિંગ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને BSE લિમિટેડ પર થશે. એમ્બેસી REITને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૮ અને ૯ ઓક્ટોબર, ૨૦૧૮ની તારીખનાં પત્રોનાં સંબંધમાં અનુક્રમે NSE અને BSE પર લિસ્ટિંગ કરવાની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. NSE ઈશ્યૂ થયેલા અને પેઈડ-અપ યુનિટનો ઓછામાં ઓછો ૧૦ ટકા હિસ્સો ધરાવશે. REIT નિયમનો અને સેબીનાં માર્ગદર્શિકાને અનુરૂપ ઈશ્યૂમાં લીડ મેનેજર્સ સાથે વિચારણા કરીને મેનેજર ઓવરસબસ્ક્રિપ્શન જાળવી શકે છે.

શેડો રજીસ્ટર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાતે ઉધારવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ બાબતે હાલ તંત્ર દ્વારા ચકાસણીની પ્રક્રિયાઓ ચાલી રહી હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સ્ટાર પ્રચારકો દ્વારા થતી સભાઓમાં જો ઉમેદવાર હાજર નહિ હોય તો તે ખર્ચ પાર્ટી ખર્ચ જશે તેમ પણ જાણવા મળેલ છે.

લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારના ખર્ચની મર્યાદા ૭૦ લાખ નિયત કરવામાં આવેલી છે.

ઉમેદવાર દ્વારા મતદાન પૂર્વે ૩ વખત તેના હિસાબો ખર્ચ નીરીક્ષક સમક્ષ રજુ કરવાના થશે જે ઉલ્લેખનીય છે.

સત્તાની શતરંજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અપાવી ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે તેમની ઉમેદવારી કરાવી હતી. ભાજપનો પ્લાન કોંગ્રેસના સિનિયર નેતા અહમદ પટેલને હરાવવાનો હતો પરંતુ તે સમયે ધારાસભ્ય છોટુ વસાવાએ અહમદ પટેલને મત આપતાં અહમદ પટેલ રાજ્યસભામાં એક વોટથી જીત્યા હતા.

રાજ્યસભાની ચૂંટણી સમયે ભાજપે છોટુ વસાવાને મત નહીં આપવા સમજાવ્યા હતા, કારણ કે અહમદ પટેલના વિજય માટે તેમનો એક મત મહત્વનો સાબિત થાય તેમ હતો. જો કે છોટુ વસાવાએ મિત્રધર્મ બજાવીને અહમદ પટેલને મત આપ્યો હતો અને તેઓ ચૂંટણી જીતી ગયા હતા.

કોંગ્રેસના સૂત્રો કહે છે કે અહમદ પટેલને રાજ્યસભામાં મોકલનારા છોટુ વસાવા માટે કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં તેનો ઉમેદવાર ઉભો નહીં રાખે. ભરૂચની બેઠક પર ભાજપના ઉમેદવારને હરાવવા માટે કોંગ્રેસ છોટુ વસાવાને સમર્થન આપશે.

સ્વાઈન ફ્લુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેના આદેશો જારી કર્યા છે.

છેલ્લા બે-ત્રણ દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે જિલ્લામાં સ્વાઈન ફ્લુ બેકાબુ બની રહ્યો છે. ૧૧મી માર્ચથી અર્થાત છેલ્લા ચાર દિવસમાં જ સ્વાઈન ફ્લુના ૮ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. જેણે તંત્રની ઊંઘ હરામ કરી દીધી છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા દર્દીઓ પૈકી ૩૬ દર્દીઓ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે જ્યારે સાત દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે છે.

ભારતને સોંપે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મુદ્દા પર કેટલાંય વિદેશ મંત્રીઓની સાથે તેમનો સંવાદ થયો.

મોદી ગવર્નમેન્ટસ ફોરેન પૉલિસી' પર વાતચીતમાં તેમણે કહ્યું કે પાકિસ્તાને આઈએસઆઈ અને પોતાની સેના પર નિયંત્રણ કરવાની જરૂર છે. જે વારંવાર દ્વિપક્ષીય સંબંધોને બરબાદ કરવા પર તુલા છે. તેમણે કહ્યું કે અમે આતંકવાદ પર વાત ઈચ્છતા નથી, અમે તેના પર કાર્યવાહી ઈચ્છીએ છીએ. આતંક અને વાતચીત સાથે-સાથે થઈ શકે નહીં.

સ્વરાજને ભારત દ્વારા બાલાકોટમાં જ કરાયેલ ભારતીય એરપોર્ટ કાર્યવાહી પછી પાકિસ્તાની પલટવાર અંગે પણ પ્રશ્ન પૂછાયો. તેના પર તેમણે કહ્યું કે ભારતે ખાસ કરીને આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ઠેકાણાને નિશાન બનાવ્યું. તેમણે કહ્યું કે જૈશની તરફથી પાકિસ્તાની સેનાએ અમારા પર હુમલો કેમ કર્યો? તમે માત્ર જૈશને તમારી જમીન પર પોષી રહ્યા નથી પરંતુ તેને નાણાંકીય પોષણ પણ આપી રહ્યા છો અને જ્યારે પીડિત દેશ પ્રતિરોધ કરે છે તો તમે આતંકી સંગઠનની તરફથી તેના પર હુમલો કરો છો. તેમણે કહ્યું કે જો ઈમરાન ખાન (પાકિસ્તાની વડાપ્રધાન) આટલા ઉદાર છે અને રાજનય છે તો તેમણે મસૂદ અઝહરને સોંપી દેવો જોઈએ.

વિશ્વભરમાં આક્રોશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષા પરિષદના સભ્ય દેશોએ ચીનને ચેતવણી આપતા કહ્યુ છે કે જો તે પોતાની આ નીતિ પર કાયમ રહેશે તો અન્ય કાર્યવાહી પર વિચારણા કરવામાં આવી શકે છે. સુરક્ષા પરિષદના અન્ય એક રાજદ્વારી અધિકારીએ કહ્યુ હતુ કે જો ચીન તેના વલણ પર કાયમ રહેશે તો અન્ય જવાબદાર દેશો એક્શન લેવા માટે આગળ વધી શકે છે. રાજદ્વારી અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ હતુ કે મસુદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાના પ્રસ્તાવને ચીન દ્વારા રોકવામાં આવ્યા બાદ અન્ય સભ્ય દેશો પણઁ આવુ વલણ ધરાવે છે. આ પહેલા પણ ત્રાસવાદી મસુદને બચાવવામાં ચીનની હમેંશા ભૂમિકા રહી છે. ચીને આ પહેલા ત્રણ વખત વીટોનો ઉપયોગ કરીને ત્રાસવાદની મદદ કરી હતી. જમ્મુ કાશ્મીરના પુલવામાં ખાતે સીઆરપીએફ કાફલા પર કરવામાં આવેલા આત્મઘાતી હુમલા બાદ ભારતે જોરદાર લાલ આંખ કરી હતી. ભારતે પોકમાં ઘુસી જઈને ત્રાસવાદી કેમ્પો પર હવાઈ હુમલા કર્યા હતા. જેમાં સેંકડો ત્રાસવાદી માર્યા ગયા હતા. પુલવામા હુમલાની જવાબદારી જેશ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યા બાદ ભારત દ્વારા જોરદાર કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધ ખુબ તંગ બનેલા છે. જેશે પુલવામા હુમલાની જવાબદારી સ્વીકારી લીધા બાદ અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન સહિતના દેશોએ મસુદને વૈશ્વિક ત્રાસવાદી જાહેર કરવાનો પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કર્યો હતો. જો કે ચીને વીટોનો ઉપયોગ કરીને આ પ્રસ્તાનને ઉડાવી દીધો હતો. ચીનના ભારત પ્રત્યેના વલણનો ફરી એકવાર પર્દાફાશ થઈ ગયો છે. મળેલા અહેવાલ મુજબ એકમાત્ર